લોકપ્રિય

ગરબા સંગ્રહ.

સરવેને વાંચવા લાયક પસંદગી
પામેલા ખુશમન ગરબા.

પ્રસિદ્ધ કરનાર

રણછોડદાસ એફ. એમ.

—000—

સુરત.
ખોદાબક્ષ પ્રેસ નાણાવટમાં બુકશેલર
મંચેરજી જમશેદજી પોસવાલા સરવે
બુકો વેચનાર છાપનાર, તથા બાં

કીંમત છ આના

લોકપ્રિય

ગરબા સંગ્રહ.

સર્વેને વાંચવા લાયક પસંદગી

પામેલા ખુશમન ગરબા.

પ્રસિદ્ધકરનાર

રણછોડદાસ એફ. એમ.

સુરત.

બોદાયક્ષ પ્રેસ નાણાવટમાં બુકશેલર

મચેરજી જમશેદજી પોસવાલા સરવે જાતની

બુકો વેચનાર છાપનાર, તથા બાંધનાર.

કીંમત છ આના.

સુચના.

સર્વે વાંચનારી આલમને જણાવુંછું કે આ ચોપડીમાં તરેહવાર ગરબા જેવાં કે હરેક સ્ત્રી પુરૂષોને સાંભળવાથી તથા વાંચવાથી સંતોષ ઉપજે એ રીતના રચેલા, તથા બીજા સોધકરી પ્રખ્યાત ગરબા દાખલ કીધાંછે આ ચોપડીથી વાંચનારને તથા ગાનારને ઘણીજ શેહલાઇથી મોહડે થઇસકે તેને માટે જાડા અક્ષર થોડાજ લેવામાં આવ્યા છે; અને ટાઇપ (હરફ) પણ શેજ મોટાંજ પસંદ કીધાંછે. કેમજે સર્વેને વાંચવાની સુગમ પડે.

આશાછે કે આ ચોપડીમાં કઇપણ માત્રા ભૂલ રહી હોયતો દરગુજર કરશો.

R. F. M.

ગરબા સંગ્રહ.

ગરબા ગાનારીને ટુંકી સમજણ.

ગરબો.

રાગ (સખી પડવેતે પંઠે સધાવચારે.

અલી ! ગાનારી ગાજો ગીતરે
મા'રી વા'લી સખી રૂડી રીતરે
કાઢી મુખથી રૂડા વેણ
લાગે સઉને ઠીક મારી બેનારે—૧
સખી ઊંચે સાસે નવ ગાવુરે
તાલીલેતાં નહીં ચુકી જાવુંરે
તેમ ધ્યાન ધરીને આજ
લાગે સઉને ઠીક મારી બેનારે—૨
વળી પગલાં ભરીએ સાથેરે
લઈ કળશ બેડું માંથેરે
લઈએ વાંકા થઈને તાળી
લાગે સઉને ઠીક મારી બેનારે—૩
હાથ છેકજ પો'લા ન કરીએરે
સબદ ગાનારીના કાને ધરીએરે
પછી બોલીએ રૂડીપેર
લાગે સઉને ઠીક મારી બેનારે—૪

સહુ સાથે બોલેથી લાગે સારૂંરે
તેમ શુણતાં ને લાગે પ્યારૂંરે
કહે હેત ધરી રણછોડદાસ
લાગે સહુને ઠીક મારી બેનારે—૫

ગરબી.

ગોપી અને દાની વચ્ચે ઝઘડો.

ગોપી— .તમે અજાણ્યાં હમે જાણીએરે,
મારો પાલવડો શીદ તાણીયોરે
તમે સમજીલો મન માંયરે સામળીયા, વાલા રોની વેગળારે.

દાની— નારી શું રે સમજાવે તુ મુજનેરે,
હું તો નહીરે જવાદઉં તુજનેરે
તારી મરડીને રાખીશ બાંહીરે, મહીયારી રાધા દાની દાણ શુરે.

ગોપી— અલ્યા બાંહે શું મોડે સામળારે,
તારા કરના ઉતારીશ આમળારે
કપરૂં છે કંસનું રાજરે, સામલીઆ વાલા—૧

દાની— નારી કંસ થકી શું થાયછેરે,
એવા કંઈરે આવ્યા કંઈ જાયછેરે
તારા ઉરનો ઉતારીશ હારરે, મહીયારી રાધા—૨

ગોપી— અલ્યા હાર હૈડાનો તુટશેરે,
મારામાથાની લટ છુટશેરે
મારી સાસુડી દેસે ગાળરે—સામળીયા વાલા—૩

દાની— નારી આળ ને ગાળ કોને ચડેરે,

નારી લેણું હોયતો તે લડેરે
તારા ઘરમાં નથી કંઈ કામરે મહીયારી રાધા—૪
ગોપી— અલ્યા કામ શું કહીએ વીઠલારે,
મેંતો તુજ સરખા બહુ દીઠલારે
મેલો મેલોની મારો હાથરે સામલીયા વાલા—૫
દાની— નારી હાથ ન મેલું તાહેરોરે,
આ બ્રીજમા અમલછે માહેરોરે
હવે દાણ મેલ્લાં કેમ જાયરે મહીયારી રાધા—૬
ગોપી— અલ્યા દાણીતો કાળા કહાવીઍરે,
મુકી મથુરાને ગોકુળ આવીઆરે
ચારી નંદ રાએની ગાયરે સામળીઆ વાલા—૭
દાની— નારી ગાય ચારે સું થાયછેરે,
આપણા બેહુના કારજ થાયછેરે
એમાં ગોણલીઆં નવ હોયરે મહીયારી રાધા—૮
ગોપી— તમો મનમા ન આણોપણ વિઠલારે,
મોણા માણસને લાગે ઘણારે
તમને લંપટને નહીંલાજરે સામળીયા વાલા—૯
દાની— એવી લાજ ધરોછો સુંદરીરે,
તારે મહીવેચવા શીદનીસરીરે
શીદ આવી હમારી વાટરે મહીયારી રાધા—૧૦
ગોપી— હમે હઈઆ તે દાહાડી આવતારે,
હમે જતા તે દાણ ચુકવતારે
તમે સખી રૂઘનાથના શ્વામીરે શામળીયા વાલા—૧૧

નળ રાજાનો ગરબો.

[બરાનપુરી રાગમાં]

કે રાજા નળ નું આખ્યાન, લેજો ધરી તમે ધ્યાન,
દમયંતી સોયમવર કહું તુજને.
કે નઇસિદ્દ દેશનો નળ રાય, તેનો મરગ્યા રમવા જાય,
લાવ્યો ત્યાંથી જનાવર એક હંસને.
હંસ કેહેવા લાગ્યો ત્યાંજ, મને છોડી દો માહારાજ,
મારી નારી રૂએને શું કહું તુજને.
સો સો પુત્રની છે માત, મળું જઇને તેની સાથ,
વચન આપ્યુ નળનેહાથ હંસ ઉડી ગયો.
કે હંસ ઉડયોરે આકાસ, પોંચ્યો નારીની પાસ,
બે ત્રણ દીવસમાં આવ્યો રાજા કને.

સાખી

હંસ રાજા ઘેર લાવ્યા, તેને હરખ હૈડે ન માય,
વાહન હંસ બ્રહ્મા તણું, તેને નાતે કેમ કરેવાય,
આપું વચન હું તુજને, એમ કહે છે રાજા હંસને,
તું લાવની કન્યા સોધી–ને.
હંસ ઉડયો ઉડયો જાય, સોધ્યા સ્વર્ગ પાતાળ માંય,
ત્યાંથી આવ્યો કુંડળપુર નગરીમાં.
કુંડળપુરનો છે જે રાય, .રાજા ભીમક તે કહેવાય,
તેની પુત્રી કુંવારી એક દમયંતી.
તેતો કુંવારી કહેવાય, રેહે છે વાડીની તે માંય,
જઈ બેઠો છે હંસ ઝાડ ઉપરે.

નળનાં કરે છે વખાણ, થયું કુંવરી ને જાન,
એવો નર બોલેછે કોન વાડીમાં.

સાખી

દમયંતીએ દાસીને કહ્યું, જુવો કોન બોલેછે વાડીમાંય,
નરતે એવો કોણ છે, વળી કેમ કરીને ઓળખાય.

દાસી ફરતી આવી ભાળી, હંસ બેઠો નીચી ડાળી,
વાડલો હાથે રહીને પકડાઇ ગયો.
ચાંપ્યો નારીએ રૂદયા સાથ, પછી પુછી નળની વાત,
એવા નળ કુંવારા કેમ રહ્યા.
હંસ લાગ્યો કેહેવા વાત, કુંવરી દમયંતીની સાથ,
તેના તેજ થકી તે રવી ઝાંખો થયો.
વચન નારીનું તે લઈ, હંસ ઉડયો છે તંઈ,
પાછું ફરીને નઈસત દેસ ગયો.

સાખી

રાજા ભીમકની કુંવરી, તેની પતલી સરખી કાય,
ત્રાણ ભુવાણમા ફરીવળ્યો, એવી કન્યા નહીદેખાય,

તેના તેજ તણો નહીં પાર, તમે કરો શું વીચાર,
પરણો જઇને કન્યા દમયંતી.
નારદમુની જે કહેવાય, તેતો દેવ. સભામાં જાય,
જઈ કહ્યા સમાચાર ઈંદ્રને.
વાયુ વરૂણ અગ્ની આવ્યા, સાથે ઝમ રાજાને લાવ્યાં,
કીધાં ચરીત્ર ઘણા રાયે છળવાને.

ચારે બ્રમા તેતો થયાં, પછી નારદ કને ગયા,
તું કન્યા પરણવા દ હમને.

સાખી

પાંચે મંડપમાં ગયા, પાંચે નળનું રૂપ ધરી;
આવી હતી વરમાળા રોપવા, તેગઇછે પાછી ફરી
પુછે કુંવરી પીતાને વાત, આરોપુ માળા કોની સાથ,
અહીં આવ્યાછે પાંચે નળ બની.
કુંવરી ફરતી આવી ત્યાંજ, નળ રાજાની પાસ,
વરમાળા આરોપી નળ રાજાને.
શ્રાપ એક એકને દીધાં, વાઘ વાંદર રીંછ કીધાં.
પછી દેવ સભાની માંહે ગયા.
ગયા દેવ સભાની માંય, તેતો ઓસીયાળા થાય,
મેહણાં નારીઓ ઘરની દેયછે ઘણાં.
ગાયું ગાનારાએ ઠીક, સાંભળનારને લાગે બીક,
એતો કળજુગ વાપ્યો નળ રાજાને.

ગરબી.

હાંરે ખુરસી ખુરસી ખુરસીરે મારો બાલમ બીરાજેખુરસી.–ટેક
હાથ કલમ ને ખડયો બીરાજે, લખેછે ગરબીઓપુરતીરે.–મારો
કાંન કુડલ ને પેહેરી પીતાંબર હાથ અંગુઠી ખુલતીરે.–મારો
આવે તેને ખુરશી જાયતેને ખુરશી, બેશેતને ખુરશીરે.–મારો
ખુરશી વાણ આ ઓાદું લાગે, કહે રણછોડ જોડ ઉડતીરે.–મારો

ગરબો

પ્રેમથી બંધાયલો પ્રાણ.

(રાગ) મોહોલે પધારો માહરાજ મણીગર મોહલે પધારો એ
માહરાં પ્રાણથી વ્હાલા પ્રાણ, પ્રેમને આધીન થઇછું
તમ વિના ન ચાલે પ્રાણ, પ્રેમને આધીન થઇછું—ટેક.
પ્રિતમ પ્રિત થતાં ઘણી, લાગી મુજને વાર,
કપટ છલ મુજમાં ર્હયાં, પણ ગુસ્સે થયાં ન લગાર—પ્રેમને ૧
નિતી રિતી જાણીને; સ્વભાવે છો એક,
મુજમાટે આ શીરદીયો, ખરી રાખોછો પુરૂષ ટેક—પ્રેમને ૨
નોહતું પ્રથમ જાણતી, મોતી લાગે હાથ,
ભાગ્યદેવી આગળ વધી, તેને કરાવ્યો સંગાથ—પ્રેમને ૩
શીખામણ દયો પાંસરી, આડો રસ્તો બંધ,
મળવા ચાહોછો મુજને, કરી નાંખોછો જાદુથી અંધ—પ્રેમને ૪
મળીયે ત્યારે દીલ હશે, વળી હશે બહુ મન,
છુટાં પડતાં સાથમાં, ભસ્મ થાએ બલીતંન—પ્રેમને ૫
નિરાશ બહુ થાવુ પડે, હું પડી દુરદેશ,
ચાલે ન મારૂં કાંઇએ, નહીતો દુઃખના પડે લવલેશ—પ્રેમને ૬
વાહલાં, મળવું રોજછે, પ્રીતથકી બહુવાર,
પ્રિતના હોયજો કદી, તો મળતાં દુઃખ અપાર—પ્રેમને ૭
પ્રિત પુરી કરી હવે, પત્રથી વેહુવાર,
દર્શન થાએછે આપના પવનો સમજીને સાર—પ્રેમને ૮
પ્રેમની રિતી એજછે પુરો એ પ્રકાશ,
કીધો પ્યાર નહીં તોડીએ એમ કહેછે રણછોડદાસ—પ્રેમને ૯

ગરબી.

સ્વામીની જુદાઈ.

(રાગ) ગીરધારીરે વાતકહુંછું વિચારો એ

મારાં સ્વામીરે આવીરહો મુજપાસે, તમો આવેથી સંકટ જાસે;
નથી મળયારે આજથયાં દશ માસે, તમવિના રહુંછું ઉદાસે.

ઝુલણ.

સ્વામી શેજ પડીછે સુનીરે. હું દાશી તમારી જુનીરે,
એવા કોન મળયાછે મુનીરે; દુઃખ મોટુરે લાગ્યુછે આ અવાસે
તમો આવેથી સંકટ જાસે.

ઘણા લખ્યારે પત્ર તમોને શીધાં, નહીં ઊત્તર તેનાં દીધાં
બીજા કાંઇરે સુખ નહીં મેં લીધાં, તેન મધુર મદ્ય નહીં પીધાં

ઝુલણ.

પ્યારા આવો રુદીએ ચાંપુરે, મારી આંખથી અલગા ન રાખુરે;
વળી હેત કરીને બાખુરે, નાથજીરે હાથ જોડી રહીશ પાસે.
તમો આવેથી સંકટ જાસે.

નથી કહેતીરે મારાં પ્રાણજીવંન, સુકે આપ વિના મારૂં તંન્ન
દયાલાવીરે નાથ ખુશી કરોમંન, મને ખોટું લાગે આ ભુવન.

ઝુલણ.

નાથ નારીપર કોશું રીશરે, હું નામીને કહુંછું શીશરે
મુને વર્ષ થયાંછે વીસરે, રચી ગરબીરે હેતે રણછોડદાસે.
તમો આવેથી સંકટ જાસે.

ગરબો

તાહરાં સુંદર રૂપપર રાજ, વારી જાઉંજો;
મને લાગેછે દીલમાં રાજ, તાબે થાઉં જો. ટેક
રીઝી રહીછું રૂપ જોઈને, ક્યારે મળશો સ્વામરે;
ઘડી ઘડી આ હઈડે રમોછો, નથી વિસરાતું નામરે—વારી૦
તંન દીધુંછે તમને મેં તો, મંન મારૂ સંગાથરે;
નથી રેહેવાતું વગર દીઠે, તમને માહરા નાથરે—વારી૦
અંતરની સહુ વાત જાણોછો, ભીતરનો સહુ ભેદરે;
મળયાં હતાં એકાંતે આપણ, લાગ્યો ત્યારથી ખેદરે—વારી૦
ધ્યાન ધરૂંછું હવે તમારૂં, તમો વિના નહીં કોઈરે;
કહે રણછોડદાસ હેત ધરીને, રહીશ તમને જોઈરે—વારી૦

ગરબો.

આવીરે રૂડી સરદ પુનેમની રાત,કે મોરલી વગાડે દીનાનાથ.
—ટેક,
મોરલીરે વાગી મોહન તારી, મેં તો સાંભળી મારીજાત—મોરલી
વાંસલડી એક વાંસનો કટકો, કાનુંડાના એ મુંખનોરે ચટકો;
આવડો શો લટકોરે હાથ—મોરલી વગાડે દીનાનાથ.
રડતાંરે છોકરાં ઘરમાંરે મુક્યાં, નિંદ્રા થકી હમો સૌંરે ચુક્યાં;
મેં તો સાંભળીરે મારી જાત—મોરલી વગાડે દીનાનાથ.
જાદુ કપટની વિદ્યારે એમાં, એક તરફથી ઘાલીછે મોમાં;
વાગે મોરલીનો ઝીનો સાદ—મોરલી વગાડે દીનાનાથ.

અંન્નીમાં ચિત ચોર્યું પ્રભુએ, વાહલાએ બોલાવ્યાછે હમને;
સુનાં ઘરમાંછે સ્વામી આજ—મોરલી વગાડે દીનાનાથ.
અવળીરે કાંચલી અવળા ઘરેણા, આંખ થઇછે લાલ કરેણા;
મારે લેહાણું કાહનાં આજ—મોરલી વગાડે દીનાનાથ.
કહે રણછોડ ચીત સમજીને ચાલો, કુંજ ગલીમાં વસેમારો વાહલો
તેને ઝાલ્યોછે જમણો હાથ—મોરલી વગાડે દીનાનાથ.

ગરબો

આવની આવની આવનીરે, મને મળવાને કાજે આવની—ટેક
ભોજન ના ભાવે તારાવિના આ, હરી મોરલી તારી બજાવનીરે
—મને
તારી મોરલીમાં ચીતડું પેઠું, બેસે ન હેઠું આવનીરે—મને
કહે રણછોડ ચીતલાગું મોરલીમાં, ફરી ફરીને બજાવનીરે—મને

ગરબો.

હારછો હારછો હારછોરે, મારા સ્વામી હયાના હારછો—ટેક
અલગા નહીં રાખું મારેથી વા'લા, પ્રિતમ પ્રિતમાં પારછોરે
—મારાં
રોજ બીછાવું ફુલડાની આજે, સ્વામી તરવારની ધારછોરે
—મારાં
કહે રણછોડ એમ સ્વામીને ચિતવું; ખરી ખબર એ હારછોરે
—મારાં

ગરબો.

તમો રમી રહ્યાછો સ્વામ, મનમાં મારારે,
મારે રેહેવું ગોકુળ ગાંમ, સરણે તારારે—(ટેક)
પ્રીત લાગી તાહરી સાથ, તમને જોઈરે,
અમો, અબલાને આપો છેહ, રહીશું રોઈરે,
નહીં રાખીએ એવી પ્રીત, સરણે તારારે—તમો રમી
કહું વિઠલ વારો વાર, વિનંતી લેજોરે,
દીશો મુજને પુર ચતુર, ગુણજાણી કેજોરે,
નહીંઆવ્યાથી બળુંછું આજ, કેસરણે તારારે—તમોરમી
રડતાં રજની વિતીગઈને, વાહાણું, થયુરે,
હવે આવ્યા વિઠલ રાજ, દુઃખડું ગયું રે,
ભાવે ભેટયાં કહે રણછોડ, કે સરણે તારારે—તમો રમી

ગરબો

મળજો મળજો મળજોરે, મારાસ્યામ કાલે મળજો;
મને દીધાં વચન તે કરજોરે— ,,
પીતળ લોટા જળેરે ભરાવું દાતણને મસે વળજોરે—મા.
ચીની ચલાણા તેલેરે ભરાવુ મરદનને મશે મળજોરે—મા.
તાંબા કુંડી જળેરે ભરાવું નાવણને મસે વળજોરે—મા.
બાર બત્રીશી રશોઈઓ કરાવું ભોજનને મસે મળજોરે—મા.
લવીંગ એલાચીને પાનશોપારી મુંખવાસને મશે વળજોરે—મા.
સાગશીસમના ઢોળીઆ ઢળાવું પોઢણનેમસે મળજોરે—મા.
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર ચરણ કમળ ચીત્ત ધરજોરે—મા.

ગરબી.

ગાગરીઆંરે મત ઢોળોરે કનઈઆં, મુખસે દઉંગી ગાલીરે હાંરે
ગાગ—(ટેક)

સોંને રૂપેકા મેરા ઘાત ઘડુલો, ઇંઢનીએ રત્ન જડાવુંરે
હાંરે—ગાગ

લાખતકાનો મારો હારજો તુટશે, મેહણાં દેસે સાસુરે હાંરે—ગાગ

મોર મુગટ શીર છત્ર બીરાજે, કુંડલ ઝલકે કાનેરે હાંરે—ગાગ

ઘર ઘરથી ગોપી પાણી ભરેછે, કુવેપર કાકરી મારીરે હાંરે—ગાગ

હાથમોરે લાકડીને ખાંધેરે કામલી, ગઉ ચારવાને પેલો આવેરે
હાંરે—ગાગ

ઘણું ઘણું કહું પણ લાજનથી તમને, જઈ જશોદાને કેહશુરે
હાંરે—ગાગ

જુવો માતા જશોદાજી તમારો કાનુંડો, હમને બહુ સંતાપેરે
હાંરે—ગાગ

ચોલી મારી તોડીને ચુંદડીરે ફાડી, રંગમાં બહુ જકજોરીરે હાંરે

લોકડીઆની લાજ મનેછે, સાસુ મારી મેહેણાં મારેરે હાંરે—ગાગ

પરણ્યો મારો કેડે પડયો છે, તે મુજને સંતાપેરે હાંરે—ગાગ

કહે રણછોડ ચીત સમજીને ચાલો, કહાનાને લાગે પ્યારીરે હાંરે
ગાગરીઆરે.

ગરબો.

હાંરે બેની અપનો સ્યામ ખોટો, કયા દોષ દઉં કુબજાકોરે ટેક.

આપ ગયે કાગજ નહીંભેજો, કયા કાગજકો તોટો રે૦ બેની—૧

મથુરાથી વાલો ગોકુળ આવ્યો, કંસ માર્યા રાય મોટો રે૦
—બેની ૨
વંદ્રાવંનની કુંજગલનમો, હારિ સઉ બ્રીજમાં કાન મોટો રે૦
—બેની ૩
"મીરા" કહે પ્રભુ ગીરધર નાગર, મારૂં મહી પીને થયો મોટો
રે૦ બેની —૪

ગરબો.

લટકાળો લટકાળો લટકાળોરે, મારો સ્વામછે લટકાળો.
મોર મુગટને કાંનમાં કુંડળ, મોહન મોરલી વાળોરે—મા
લીલી પીળી બંશી શ્યામ વગાડે, જોવા તેને ચાલોરે—માં
હોંસધરી મેં મળવા આજે, પ્રેતેથી છબી ભાળોરે—માંર
પ્રેમની વાતે મગ્ન કરીછે, કહેછે રણછોડ ચિત ઘાલોરે—મારે

ગરબી.

હાંરે મારો ચીરદ્દા વનમાળી, હું છું અબળા બાલીરે—ટેક.
હાંરે ચીરકું લેકર કદમ પર બેઠે,હું છઉં જળમાં ઉઘાડીરે
મારો—૧
ચીર કે બદલે પીતાંબર લઉંગી, જળસે હો જાઉં ન્યારીરે.
મારો—૨
પોઓણુ પેત્ર કરી નિકળી રાધે,ક્રષ્ણ હસત દેતારીરે મારો—૩
"મીરા" કહે પ્રભુ ગીરધર નાગર, તમે પુરૂષ હમે નારીરે
મારો—૪

ગરબી.

(રાગ) ગીરધારીરે વાત કહુંછુ વિચારો.

અટા ન્યારીરે વિઠલજીની જોઈ, તારી મોરલીપર હું મોહી
ચાલ દેખીરે સુધબુધ મેં તો ખોઇ, હું ઘણું ઘણું કરી રોઈ

ઝુલ.

સખી સુંદર છબીછે ન્યારીરે, મારે પ્રેમ તણીએ કટારીરે
હું જોઈ રહીછું ધારીરે, લેહ લાગીરે તાહરી મને બસજોઈ.
તારી મોરલી પરહું મોહી.

દંત રેખારે દાડમ કળીની જોડ, નહીં કુડળમાં કંઈ ખોડ,
ગળે માળારે ચાલંતાં ચમકોડ, હાથે બાજુ બંધની જોડ.

ઝુલ.

ચાલે લટકેથી લાગે કાલારે, ફસી મનમાં ગયાછે વાલારે
હરી બોલો વીઠલલાલારે, તમ વિનારે જોવું ન બીજો કોઈ
તારી મોરલી પર હું મોહી.

પ્રીતમજીરે પ્યાર લગાડી કયાં જાશો, તારે મારે ઝગડો થાશે,
વળી એમરે મોરલીમાં તું ગાસે, હવે તુજથી બાજી રમાશે

ઝુલ.

મારી આશા પડશે પુરીરે, જુવો તક મળીછે રૂડીરે
હું રહીછું તમથી અધુરીરે, ઉભી સરણેરે આપને રહીછું જોઈ
તાહરી મોરલી પરહું મોહી

ગરબો.

મને માયા લાગી તારીરે, આવો મોહન મળવાને,
મને વાલે કેમ વિસારીરે, ફોગટ આંસુ લોવાને—ટેક
હું તો ગીરધર થઇછઉ ઘેલીરે, જેમતેમ જીવણ જોવાને—૧
તારા મુખની વાણી મીઠીરે, વ્યાકુળ થઇછું વરવાને,
તારા દીલની હાંજો દીઠીરે, આવો મોહન,
રણછોડના સ્વામી રસીયારે, આવો મોહન,

ગરબો.

માનીતી કઠણ વચન સબ્દ બોલો, અંતરની વાત કદાપી ન
બોલો—માનીતી ટેક.
મંદીર હું તો કોઇ તણે નથી જાતો, દુરીજન છાને કરતા વાતો;
તારે મન તોલ કશો નહી થાતો માનીતી—૧
જેથી તારામનમાં ખોટું આવે, માટે આડુ બોલીતું, મજને ડરાવે
વારે વારે તું હવે સમજાવે માનીતી—૨
સાને મને ખોટાં આળ ચડાવો, જાણી કોઇ બીજના લોકહસાવો
સાચુ જુઠુ કોઇ કહે દીલ લાવો માનીતી—૩
આજ પછી નામન દઇસમારૂં, એમાં કંઇ માન વધે નહીં તારૂં;
સાંભળતામાં નેત્ર નીચાં હું ઢાળું. માનીતી.—૪
ગદ ગદ કંઠે થઇ કર જોડી, નાથની મમતા હોએજ થોડી;
ધ'ગી થઇ શું છેક નાખ્યાં તરછોડી. માનીતી—૫

હસીને ફરશો અહીંયાં કુંજબીહારી, તું તો મારા પ્રાણ થકી ઘણુી પ્યારી;

બોલ્યા એમ મુખથી વાત રસાળી. માનીતી—૭

પ્રભુ દયારામ તો સમખાઈ, તારા સમ તુજથી નથી જુદાઈ;

તારે મારે અંતર ગતની સગાઈ માનીતી—૭

સુરતના બાગનો નવોજ ગરબો.

જુવો જુવોરે સુરતનો બાગ, જોવા જેએવોછે,
આવ્યો તાપી નદીને ઘાટ, તરે'વાર મેવોછે.
દરવાજાની શોભા ન્યારી, ફરતો પુસ્તો બાંધીરે,
ઘર તોડાવ્યા નાણા આપી, લીધો કકડો સાંધી—જોવા
દેહરૂં રહ્યુંછે જૈન ધરમનું, જુવો બાગની થડમારે,
શ્રાવકલોકો નથી આપતાં, પડયાછે એની વચમાં—જોવા
મેહનત લેયછે ઘણા ગ્રસ્થો, બ્‌.જા ઓદ્ધેરદારરે,
પઈસા ખરચે બાગની અંદર, માયાળુ સરકાર—જોવા
સડક મોહતીછે ગાડી જવાની, ને ફરવાની ચોમેરરે,
નાહના મોહતા ગાળા પાડી, કીધી ગોઠવણ રૂડીપેર—જોવા
બંગલીઓ વચમા બહુ દીપે, પક્ષી કરે કલોલરે,
ફરતી જાળી નાંખી દીધી, સુંદર સુણતાં બોલ—જોવા
ફુલ પાંનની શોડમ સારી, દરદીનું દુઃખ જાયરે,
જાત જાતના છોડ વિલાતી, જોઈ ને વિસ્મ થાય—જોવા

આડી અવલી કમાન મુકી, ચઢાવ્યા ઉપર વેલારે,
લુમક ઝુમકે દરાખ ફુટી, બાજુ લટકે કેલા—જોવા
દાડમની આ શું કહું સોભા, વર્ણવ્યું નવ જાયરે,
ખાંટાં મીઠાં લીંબુ જોજો, નાળીયરી શોભાય —જોવા
ગુલાબનાછે છોડ ઘણાને મોગરાનો નહી પારરે,
લાખો તરેહના ફુલ પડયાછે, કહેતાં આવે વિચાર—જોવા
ફુટે ફુવારા સાંજ પડેને, માલીકરે પોકારરે,
ટબક મુકયુંછે માથાઉપર, ને ઉભી કાળી નાર—જોવા
બેસવાની બીરાજે બાસતી, લોકોને બહુ સુખરે,
હાલતાં ચાલતા બેસી જાતાં, કપાય સઘલા દુઃખ—જોવા
વર્ણન અગાડી કરવાં બેશું નહી આવે કઈ પારરે,
રણછોડદાસે થેડું લખ્યું, બતાવ્યોછે સાર —જોવા

ગરબો.

———000———

હાંરે જમુનાને તીરે મારો વાલો, મોહનજીને જોવા ચાલોરે. ટેક
મોર મુગટને કાનેછે કુંડલ, મોહન મોરલી વાલોરે. જમુના—૨
આજ એકાંતે મલ્યો રે છબીલા ઘેરીને ઘરમાં ઘાલો રે.—૩
ફરી ફરી એવો લાગ ન આવે, તમે મનરાં દેહમાં ચાલોરે
જમુના—૪
"મીરાં" કહે પ્રભુ ગીરધર નાગર, ચરણ કમળ ચીત ઘાલોરે
જમુના—૫

ગરબી.

પુરૂ પારખું જોયુંરે, મારા કંથનુંરે લોલ,
વૃક્ષ દીલમાં રોપીને ફરે કુંજમારે લોલ,
ગંમ લાગ્યા મોહતો મારાં તંનમારે લોલ. —પુરૂ
ઘણી કરજોડી કીધી મેંતો વિનંતીરે લોલ,
લાલ મુકીને રેહેછે ભમતાંરે લોલ —પુરૂ
અલુ કંથ વિના હું શું કામનીરિ લોલ,
ખભા મારા દુઃખે ને ટુટે દામણીરે લોલ —પુરૂ
બાઈ ભાઇ કાપો મારૂં દુઃખડુંરે લોલ,
ગમે ઘરમાં નહીંને કડવું મુખડુંરે લોલ. —પુરૂ
રહે પ્રેમનું પારખું તંનમાંરે લોલ,
થતી ગરબીથી રહે શૌ મગંનમાંરે લોલ —પુરૂ

ગરબો.

હાંરે રશીઆ મને જાવા દીજે, હાંરે તારૂં દાણ થાયતે લીજે ટેક
હાંરે હુંતો ગોકુળનીરે બ્રીજનારી, હાંરે હુંતો મહી વેચવાને ચાલી, વાટડીએ આળ ન કીજે રશીઆ મને જાવા—૧
હાંરે હું તો ભીખુ ભાણાની છોડી, હાંરે મારે માથે મહીની ગોળી લચો ખાટાં ગોરસ પીજે-રશીઆ--તારૂં દાણ—૨
હાંરે મારી સઘળી સાંહેલી સઉ ચાલી, હાંરે મને ઘેરી ઉભા ગીરધારી મારગડે ધુમ ન કીજે રસીઆ તારૂ દાણ—૩
"મીરા" કહે પ્રભુ ગીરધર નાગર, તનમન ધન અરપણ કીજે
રશીઆ—તારૂં દાણ—૪

ગરબો.

મંદીરે મારે આવોરે—છેલ છબીલા છોગાળા,
તમે કોની સંગે કાહાવોરે—છેલછબીલા છોગાળા
તારી મોરલી કામણ ગારીરે—છેલછબીલા.
કોઈ નાર મળી ધુતારીરે—છેલછબીલા.
રણછોડના સ્વામી રશીયારે—છેલછબીલા.
મારી રૂદે કમળમાં વસીયારે—છેલછબીલા.

ગરબો.

કારતકે કીરતી બહુ કરીએ, ભોળા તારૂં ધ્યાન રૂદે ધરીએ,
ભોળા થકી ભવસાગર તરીએ, આવો આવો શીવસંકર ભોળા.
શીર સોહે ફુલડાના તોરા, આવો આવો.
હાથમાં ભભુતના ગોળા આવો આવો —ટેક
માગસરે માહા મંગળ કારી, ભોળે સીધે લીધીછે તાળી,
ભોળા તારા મુખપર જાઊંવારી, આવો આવો. —૧
પોશે તો માણ થકી પ્યારા, રૂદે થકી નવરહે વીસારયા,
શંકર મારી આંખોથી પ્યારા-આવો-શીર-હાથમા —૩
માહા મહીને વસન પંચમી આવી,ગવરી તો ગુલાલું હું લાવી
ભોળાને તો મન ગંગા અતી ભાવી-આવો-શીર-હાથમા—૪
ફાગણે ફાગ ખેલું હરશું, શામ મોરી માયા લાગી તમશું.
આવો હોળી ખેલું શંકરશુ-આવો-શીર-હાથ —૫
ચઈતરે ચીત ચરણે લાગું, ભોળાને તો થીર કરી થાપું,

સંકર મારા રૂદીયામાં રાખું-આવો-શીર-હાથમાં —૬
વંઇસાખે વાર લાગી તમને, નરખ્યાની તો હોંસ ઘણી હમને
ભોળા સંભુ શું કરીએ સમને-આવો-શીર-હાથમાં—૭
જેઠ તો જુગતી બની સારી, નારી પેહેરી કોસંબા સાડી,
જટામાં તો ગંગા વસે પ્યારી-આવો-શીર-હાથમાં —૮
અખાડે ગગન ગરજે બહુ મેહ, મોરલી આ તો વણ ટહુકરે
સંકર મારે કરમે લખ્યા લેખ-આવો-શીર-હાથમાં —૯
સાવણે સીવની બની સોભા, ચાલો જઇએ સોમેસર જોવા,
સંકર મારા ભવનાં દુખ ખોવા-આવો-શીર-હાથમાં —૧૦
ભાદરવેતો ભાંગ તણાં ભોગી, હરધ અંગે ઉમીઆં સીવજોગી
માહારી શુધલેજોશીવ ભોગી-આવો —૧૧
આશોએ અંગ ઉડે અગની, ભોળાવિના કેમ રેહેશો સજની,
કેમ જાય દીવસ કે રજની-આવો —૧૨
એ પદ કોઇએ નવ ગાયો, ભોળાસઉ સખીઓને મન ભાવ્યાં
તારા ગુણ રણછોડે ગાયા-આવો —૧૩

ગરબો.

વંદ્રા વનની વાટમાંરે વનમાલી લુટે હાંહાંરે વનમાલી.
શીરપર હાથ ન લાખીએરે ચીન માળા તુટે. હાંહાંરે ચીન ૧
સાસુરે કહે એને પ્રીતછે સામળીઆ સાથે. હાંહાંરે શામળી.
પરણ્યો રે કહે એને પ્રીત છે મારા પરણ્યા પેહેલી હાંહાંરે ૨
રામક્રષ્ણ પ્રભુ પાતળાએ બીજું અવર ન કોઇ. હાંહાંરે બી.

ગરબો.

ઓ નાથ નાથ નાથ, ઝાલ્યો હાથ તાહરી સાથરે;
મહી વેચવાને લીધું ગોરસ મારે માથરે —ટેક
જાતાં તે રોકી ઉભા વાહલા એશું રીતરે
આવજો હો મોહલે માહરાં રાખુંછુ હું મીતરે —ઓ નાથ૦
જાવાદો પ્રાણજીવન લાગે બહુ લાજરે
શહીયરોના સાથ કરી નિકળીશું આજરે —ઓ નાથ૦
સાથ વગર એખલી હું નિકળું નહીં બા'રરે
પાલવ પકડીને ઉભા માથે મારે ભારરે —ઓ નાથ૦
મુકોની પાલવ પ્યારા, આવીશ તા'રી પાસરે
વચન આપી ગોપી ચાલી, કહે રણછોડ દાસરે—ઓ નાથ૦

ગરબો.

પુનેમ પ્રગટયો રે સજની, આવી રૂડી રમવા સરખી રજની,
રમવા ગયા તાંરે હેલી, ઘરનો સઘળો ધંધો મેલી,
રાંધ્યાં મેલ્યાંરે અન, વાલાજીની મોરલીમાં આણંદ.
મધુરી સી મોરલીરે વાજે, તેતો મારા રૂદે કમળમાં છાજે,
મીઠા શીદ જાઓછોરે મેલી, તમે મારા બાળપણના બેલી.
મારે મહી વેચવારે જાવું, તમારે ગોરસ લુટી ખાવું,
વંદ્રાવનનીરે વાટે, વાહલા મારા ઉભા જમનાને ઘાટે,
માથેથી મટુકીરે લીધી, વાલે મારે ઉભા રહીને પીધી.

દરીઓ જોઆરે ડોહોળી, તાંથી એવો હીરલો લાવી ખોળી.
દાસ ભોવનનારે સ્વામી, તન મન શોંપું અંતર જામી.

ગરબો.

જાવાદો મને શાને રોકોછો વાટમાં,
હાંરે દાણ લેવા સરીસાં નથી માટમાં, જાવાદો મને ટેક
મારારે સમ નથી માહારી ગાગરમાં,
હાંરે જળ ભરવા જમનાજીનાં ઘાટમાં —જાવાદો
દાણ મસેતે વાલા વાટમાં ન રોકીએ, હાંરે દાણ આપીશ
હાથમાં રોકડા, કેહેશોતે પેલા લોકડા —જાવાદો
નવશેરા મોતીનો હારછેરે માહારો, હાંરે મારો હઇયા કેરો
તે હાર તુટશે,સાસુજી ઘેર પુછશે —જાવાદો
સઘળી ગોપીકા ઉભી જમનાને તીરે, હાંરે મારે જાવા સઇ
એરો ના સાથમાં. —જાવાદો
માથેરે માહારે મહી કેરાં માટ છે, હાંરે મારૂં મહીનું તે આ
માટ ફુટશે, સાસુડી ઘેર પુછશે. —જાવાદો
રૂમક ઝુમક કરતાં આવોને જાઓછો, હાંરે હાલ આપોની
હાંથમાં રોકડા —જાવાદો
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર, હાંરે મારી કાંચળીની કસ તુટ
શે, સ્વામીજી ઘેર પુછશે. —જાવાદો

ગરબો.

હું વાત કહું ઉભા તે રહોની અલબેલી, હાંરે નથી જવાબ—
દેતાં મન મેલી—હું વાત કહું—ટેક
રૂમક ઝુમક કરતાં આવો ને જાઓછો, હાંરે નથી જવાબ
દેતાં મનમેલી—હું વાત કહું.
હાંરે તારી કાંહા ગઈ તે સંગની સાહેલી, હાંરે દાણ આ
પેછે રાધા પેલી—હું વાત કહું.
હાંરે લીલા દાણની તે રીત કોણે કહાડી, હાંરે ગોપી નાચે
થઈ થઈ ઘેલી—હું વાત કહું.
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર, હાંરે વાલા ચરણ કમળ ચીત
ચોરી—હું વાત કહું.

ગરબો.

જમીનપર જળનાં તે દાણ કોણ લેછે, હાંરે એની વસ્તિમાં
કોણ આવી રેછે જમીન
જળના તે દાણ કાંને સાંભળ્યાં નથીજો, હાંરે એવો કોણ
હઈઆં રહેછે જમીન
મથુરાથકી વાલા ગોકુળ ન આવીએ, પેટ માટે ઢોર ન ચરા
વીએ જમીન
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર, ચરણ કમળ ચીત રેછે,
જમીન પર જળનાં તે દાણ કોણ લેછે.

ગરબો.

મોહોલે પધારો માહારાજ, મણીગર મોહોલે પધારો,
નારી જુવેછે વાટ, મણીગર,
મારો શોરે થયો અપરાધ, માણીગર,
રૂદન કરે રાધા નાર, માણીગર, ટેક.
શીશો ભાંગ્યો સાંધતાં, મન ભાગ્યું કુવેણ,
મોતી ભાંગ્યું વીધતાં, તેને નહીં શાંધો નહીં રેણ. માણીગર
સોનુકરીને સાચવ્યું કરમે નીકળ્યુ કથીર, ચીંતામા ચતુરાઇ
ઘટે, મારા સોસો સુકાણા શરીર, માણીગર
શ્રીકૃષ્ણજીએ ગાડાં જોર્યાં, માંહે ભર્યાછે કસંબા રંગ, પરાગ્યો
હોએતે સાઠવે, મુને રાતા ચુડલાની ખંત. માણીગર
ચંદ્રા તુજને પુજતી, કરતી આદીતરવાર, ઘડીએક મોડો ઉગ
જે, મારા પીઉ મલાવણ હાર માણીગર
સાહેલી સાગર ઉલટયો, માંહે રત્ન તાણાયાં જાએ કરમ
હીણ ભરે મુઠડા, તેના સંખલે હાથ ભરાય. માણીગર
જોબન જાતાં જાણતી, કરતીજ મોઘાં મુલ. થોડું થોડું રાખ
તી, જેમ માલણ રાખતી ફુલ. માણીગર
સેરી ભલી પણ સાંકડી નગર ભલાં પણ દુર, નાવલો ભલો
પણ નાધડો, તેનું જોબન જાએ ભરપુર. માણીગર
સાંકડી સેરી સજન મળ્યા, સાથે છેલ બેચાર, કાંટાની મસે
હું નમી, તમે માનીલેજો ઝવાર. માણીગર
કુંમર ઉપર દવ બળે, નદી કરે પોકાર. ચતુર હોએ તો ચેત

જો. મુરખ કરે વિચાર. માણીગર

કેણે ડીમાળો ... ચો, ને કેણે સેરી આગ, કેણે કરવત મુકા

વીઆં તે કઈ ...ને કાજ માણીગર

કાથે ડીમાળો ...વીઆ ને ચુને સેરી આગ, સોપારીએ કરવત

મુકાવીઆં તે ... નાગર વેલને કાજ માણીગર

પ્રીત એસી કીજીએ, કે જેસો ટંકન ખાર, આપ જલે પર

રીઝવે ભાંગ્યા શાંધે હાડ માણીગ

મીત્ર મીત્ર ...કો કહે, ને તાળી મીત્ર અનેક, બીપત પડે

શીરપર લહે, એ તો જુગમાં એક માણીગર

નારી જુવેછે, મારો શોરે થયો, રૂદન કરેછે શધા નાર માણગર.

ગરબો.

મા તું પાવાની પટલાંણી કે કાળી કાળકારે લાલ

મા તારે ડુંગરડે ચડવુંકે અતીઘણું દોહેલુરે લોલ—૨

મા તારી પ્રદક્ષણા ફરવીકે, વરણવ શું કરૂંરે લોલ—૩

વીસવારો તપ કરવા બેઠા કે, દેવ મુની થયારે લોલ—૪

આવું રૂડું ચઉદ્દું ચાપાનેરકે, ચઉટે ચઉટ મલ્યારે લોલ—૫

ત્યાં કંઈ ગાતાતા ગરબાકે, માજી આવીઆં રે લોલ—૬

રાજાજીએ છેડલો ઝાલ્યો હાથકે, મા પરસન થયાં રે લોલ—૭

માગ માગ ઘોડાની ઘોડાર કે, હાથી જુલતારે. લોલ—૮

માગ માગ તોપોની તોપખાંનકે, જંજાળ અતીઘણીરે લોલ—૯

માગ માગ દક્ષણ સરખાં દેશકે, કીલ્લા અતીઘણારે લોલ—૧૦

માગમાગ ગુજરાત સરખા દેશ કે, ભદ્દર બેસાણારે લોલ—૧૧
માગ માગ ચારે ખંડના રાજકે, ચાંદા સુરજ તપેરે લોલ—૧૨
માગું માગું એટલડું વરદાનકે, મારે મોહોલ પધારીએરે
લોલ—૧૩
ફટ ફટ પાવાના રાજનકે, એ શું માગીયું રે લોલ—૧૪
આજથી છઠેને છમાસેકે, મુળ તારૂં જશેરે લોલ—૧૫
એમકહી માતાથયાં અલોપકે,રાજાજીએ હાથ ઘસ્યારેલોલ—૧૬
મુગલે ચડાવી છે ફોજ કે, ઘડપાવા ભાગીરે લોલ—૧૭
દરવાજે ઉભા છે છડીદાર કે, કોઈને પુછીએરે લોલ—૧૮
કે રાજાજીએ ખોદાવીયું તળાવકે, પાણી નવ નીસરૂંરે,
લોલ—૧૯
કે મુગલે ખોદાવીયું તળાવકે, જળ દુધે ભરયાંરે લોલ—૨૦
માજીના એવાછે મહીમાએ કે, કવી કહી નવશકેરે લોલ—૨૧

ગરબો

મારી અંબાજીના લોચન સોહામણાંજો.

માના તેજ તણો નહીં પારજો—મારી · અંબાજીના—ટેક
માએ ઘઘન મંડળની કીધી ઘાઘરીજો, ધરતીકીધાછે મેરૂ
સમાનજો;—મારી—૧
માને ચંદ્ર સુરજ બેહુ દીવડાજો, ઈંદ્ર રહેછે બેહુ કરજોડ
જો—અંબાજી—૨
માને આણવટ વીછવા સોહામણાજો, થાય નેપુરનો ઝમકારજો
અંબાજી—૩

માને કટીએ મેખળા બીરાજતાજો, તેની ઘુઘરીનો ઘમકાર
જો-અંબાજી-૪

માને બાંહે બાજુબંધ બેરખાજો, માને કંઠે કમળનો હારજો
અંબાજી—૫

માના દંત દાડેમની કુળીજો, અધર પરવાળી દેરી રેખજો
અંબાજી—૬

માને કરણે તે જાળ જબુકતીજો, હીરા માણેક જડીઆ સારજો
અંબાજી—૭

માની નાસીકા વેસરં બીરાજતીજો, મોતી સજયાં સધાર
અનંગજો-અંબાજી—૮

માને કેશર તીલક બીરાજીએજો, માને રત્ન જડીત બંદી
સારજો-અંબાજી—૯

માને શીશ કુલ બીરાજીયેજો,માને મંગી મઅ જોત અપારજો
અંબાજી—૧૦

માને મુસ્તગે કેશ સોહામણાજો, માને મણીધર ચમકે નાગજો
અબાજી—૧૧

માને મુસ્તક મુગટ બીરાજીયેજો, તેની ઝગમગે જોત પ્રકાશજો
અંબાજી—૧૨

માને દાસ “ મનોહર ” વીનવેજો, માના ચરણ સરણ રાખો
વાસજો-અંબાજી-૧૩

ગરબો.

જીરે રોકયો છે ઘાટ ગોવાળીએ જો ટેક.

જીરે ગોપી ચાલી તે મહી વેચવાજો મથુરાને મારગ જાયજો
મારગમાં મળ્યા માવજી જો. કઈ આનંદમાં નંદ રાયજો
જીરે રોકયો—

હાંરે જીરે સખીઓ સઉ ટોળે મળી જો ત્યાં ઉત્તર દેછે
વ્રજ નાર જો

હાંરે તમે કાહાંના દાણી છો કાહાનજી જો, મુને વાત કહો નીર
ધાર જો જીરે—૨

હાંરે તમે જાવા દો જદુ નાથજી જો, હાંરે કઈ જાજાં નકીજે
જોર જો;

હાંરે મારી મહીની મટુકી ફુટશે જો, હાંરે ત્યારે વ્રીજમાં તે
થાશે સોર જો જીરે—૩

હાંરે જીરે મહીનું દાણ મોઘું થશે જો, નથી આવતી તમને
લાજ જો;

હાંરે જીરે સાહીએર કાંઈ શાંખે નહીં જો, હેવું કપરૂછે છે
કંસનું રાજ જો જીરે—૪

જીરે કાહાનજી પુછે છે કંસ કોણ છે જો, હાંરે તેને મેલીને
કીજે મહીનું હાર જો;

હાંરે તું તો મનમાં નથી જાણતી જો, હાંરે તારી આંખડી છે
તલવાર જો—૫

જીરે માન ગુમાન ભરી માનુની એ, હાંરે તારૂં મહીડું તે
લુટી લેશ જો;

પછી આવળી તે મુને પુછશો જો, હાંરે તેને અવળા તે ઉતર
દેશ જો જીરે—૬

હાંરે તમે સંભારીને બોલો સામળા જો. તુંને આવડો શો
હંકાર જો;
હાંરે જીરે કપટી મળશો કામની જો, હાંરે ત્યારે ખોશો તે
સઘળો ભાર જો. જીરે—૭
હાંરે જીરે ચાલ જુવો ચઉદ લોકની જો, હાંરે કોઈએ રોકી
નથી પરનાર જો;
જીરે દાણી થઈ ઉભો થયો જો, જીરે બાહાવરી કરે બ્રીજનાર
જો. જીરે—૮
જીરે મોહન કહે સુણ માનુની જો, હાંરે પાસ આવની કહું
એક વાત જો;
હાંરે જીરે તારે કારણે કામની જો, હાંરે હું તો લઈ બેઠો
પરભાત જો. જીરે—૯
હાંરે જીરે મારા તે મનગમતું થયું જો, હાંરે ઘણા દહાડાનુ
તે લેશું દાણ જો;
હાંરે મેં તો સમ ખાધા છે સુંદરી જો, હારે જાવા દઊં તો
નંદજીની આણ જો. જીરે—૧૦
જીરે સાચું કહેતાં દુઃખ લાગશે જો, હાંરે છો મહી માખ-
ણના ચોર જો;
હાંરે જીરે તારી ગત કોઈ જાણે નહીં જો, હાંરે તું તો વનમાં
ચરાવે ઢોર જો. જીરે—૧૧
હાંરે તારે માથે મહીનું મેણું થયું જો, જુવો મનમાં
વિચારી આપજો;

હાંરે જીરે લાજતો નથી તું બોલતાં જો, હાંરે તેતો કીધાં
બે માબાપજો. જીરે—૧૨
હાંરે જીરે વાંક નથી મારો વીનતા જો, તમો આવડી
માડી રાંડજો;
હાંરે જીરે કુશળ તે જાણશો કામની જો. માનો પરમેશ્વરનો
પાડજો. જીરે—૧૩
જીરે માન ગુમાન ભરી માનુની જો, હાંરે છે જોબનવંતીનુ
જોરજો;
હાંરે મહી વેચવાને શીદ નીકળીજો, એમ કેહેછે નદકીસોર
જો. જીરે—૧૪
હાંરે જીરે માતા તારી મહી વેચતી જો, હાંરે તુ તો મોટાઇ
ધરતો મન જો;
હાંરે તું તો થોડું થોડું મહી માગતો જો, હવે આવડું શું
અભીમાન જો, જીરે—૧૫
જીરે અબળાને હારતા શું જીતતાં જો, શું જુગમાં તે વાધે
જશજો;
જીરે તમે કહીને કેહેવડાવશો, હાંરે દેશો એક તો ખાશો
દસ જો. જીરે—૧૬
તું તો દાણ લેવા નથી નિર્મ્યા જો, મારૂં દરસણછે દુર્લભ જો;
જીરે હમો તમારી દાશી છઇએ જો, હાંરે આલીંગન દાની
વલભજો. જીરે—૧૭
મારે સુખ સંપતછે કામની જો, મુને વાલો નથી વેપારજો.
હું તો લલચાયો તારી લાલચે જો, છે કુળવંતી તું નારજો.

જીરે—૧૮

આજે અનુપમ રસ્તે વાધીઓ જો, વાલે પુરયાં મનનાં કોડજો;
વાલો કુંજભોવનમાં લઈ ચાલીઓ જો, લીલા ગાએ દાસ
"રણછોડ જો" જીરે—૧૯

ગરબો.

પાતળીયા લાલ પ્રીતલડી બંધાણી રે, કોને કહીએ.
શામળીયા લાલ વન દીઠડે વનમાળીરે, કોહો કેમ રહીએ ટેક.
હાંરે વાલા મોર મંદીર આવતાં,મારી સહીએર મનેમનભાવતાં
હમને પ્રેમ ધરીને બોલાવતાં પાતળીયા—૧
ચંપા વના રે જેમ ચંપેલી, તેમ હરી વીનારે ગોપી ઘેલી,
અમે તમ સારૂં લજા મેલી. પાતળીયા.—૨
હમો શેરીએ શેરીએ ભમતાં, હમો ગોરસ લઈને ફરતાં,
વળી ધ્યાન તમારૂં હમો ધરતાં. પાતળીયા—૩
હવે દાસ રાજે પ્રભુ દયાધરી, જેમ વંદ્રાવનમો ધ્યાન કરી,
વાલે હમ પર એવી માયા ધરી પાતળીયા—૪

ગરબો.

ઓ બ્રીજ નારી શા માટે તું જુઠું આળ ચઢાવે.
પુન્યે પુરવતણું પાતળીઓ જી પ્રેમે લાડ લડાવે. ટેક
મેંતો અઘોર તપ કીધાં વનમાં, ઘણી ટાઢ તડકા સહ્યા વનમાં
માટે મોહન મેહેર ધરી મનમાં, ઓ બ્રીજનારી—૧

હું તો ચોમાસે ચાચરે રહેતી, ઘણા મેઘતણી ઝડીઓ સેહેતી,
મારા શરીર તણી સુજ નવ લેતી. ઓ બ્રી.—૨
મારૂં અડધું અંગ મેં વેરાવ્યું, તને સંઘાડે વળી ચઢાવ્યું;
મારાં તન પર છેદ પણ પડાવ્યું. ઓ બ્રી—૩
પ્રીતમના સ્વામીની સંગે, મને ઉછરંગ વાધ્યો છે અંગે;
ફરીને ગાઈશું નવ રંગે, ઓ બ્રી.—૩

સમાપ્ત.

